અપીલ અરજી નં.૨૫૧ તા.૪–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (સોલીડવેસ્ટ)

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રીગુલામભાઈ મેમણ ની તા.૩–૧૧–૦૮ ની અરજીથી ડોર ટુ ડોર કચરો ઉઠાવતી ગાડીઓ કઈકંપનીની છે, તેમજ પેટ્રોલ કે ડીઝલથી ચાલે છે તેમજ શહેરના ચાર ઝોનમાં તેનો ઈજારો કોને આપવામાં આવ્યો છે અને કેટલા ઈજારાદારો છે તેમના નામ અને સરનામા,ટેલીફોન નંબર આપવા બાબત. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૪–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૧/૨૦૦૮–૦૯

## ફરીયાદની હકીકતઃ–

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૩–૧૧–૦૮ ની અરજીથી ડોર ટુ ડોર કચરો ઉઠાવતી ગાડીઓ કઈકંપનીની છે, તેમજ પેટ્રોલ કે ડીઝલથી ચાલે છે તેમજ શહેરના ચાર ઝોનમાં તેનો ઈજારો કોને આપવામાં આવ્યો છે અને કેટલા ઈજારાદારો છે તેમના નામ અને સરનામા,ટેલીફોન નંબર આપવા બાબત મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૫ ન મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૮ તા.૧૦–૧૨–૦૮ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (સોલીડવેસ્ટ) તેમજ અપીલના આધાર પુરાવા વાજબીપણું રજુ કરવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પીએચડી/સા.વે.મે./આ.ન.૨૧૮૯ તા.૧૫–૧૨–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પુરક વિગતો કે વાજબીપણું મળેલ નથી. અરજીની અપીલના મુદ્દા નં.૫ માં ડોર ટુ ડોર કચરો ઉઠાવતી ગાડીઓ આરટીઓનું પાર્સીગ છે?મોટર એકટનું પાલન કરે છે કે નહીં?જે સબંધે મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પાઠવેલ જવાબમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન સીસ્ટમ હેઠળના તમામ વાહનો આરટીઓ પાર્સીગ છે તેમજ મોટર એકટ હેઠળ આવતાં નિયમોના ઉલ્લંઘન બાબતેનો કિસ્સો આજ દિન સુધી અત્રે ધ્યાન પર આવેલ નથી. તેવું જણાવવામાં આવેલ સાથે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી સમય મર્યાદામાં પૂરી પાડવા સાથે મુદ્દા નં.૧ શરતો અંગે નિયત દસ્તાવેજ ફી રૂ.૨૨/– ભરી માહિતી મેળવી લેવા પણ તા.૧૮–૧૧–૦૮ ના પત્રથી જણાવેલ. પરંતુ અરજદારે તે મેળવ્યાની કોઈ વિગતો રજુ કરી નથી. કે અપીલમાં તેનો હવાલો પુનઃ પૃચ્છા ઠરવા થતાં જણાવેલ નથી. અરજદારે અપીલમાં જણાવેલ છે કે આર ટી. ઓએ પ્રદુષણ શહેર મુકત માટે ૨૦૦૫ માં ત્રણ પૈંડાવાળા વાહનોને સીએનજીને કાયદો આપેલ છે જે કાયદાનો અમલ થયો નથી જે જવાબ ખોટો આપેલ છે અરજદારે તે અંગે કોઈ આધાર પુરાવા કે વાજબીપણું માંગ્યા છતાં રજુ કરેલ નથી. અરજદારે મોટર વ્હીકલ એકટના પાલન અંગેની અન્ય સત્તા મંડળની માહિતી અત્રેથી માગંવામાં આવેલ. જે કોઈ ચોકકસ સ્વરૂપમાં વાહન નંબરની વિગત સહિત નહીં હોવા છતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉલ્લંઘનનો કિસ્સો ધ્યાને નહીં આવેલ હોવાનું જણાવેલ છે. તે આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) તથા ૨(જે) અનુક્રમે માહિતીની તથા માહિતી અધિકારીની વ્યાખ્યાના સંદર્ભમાં તેઓ કક્ષાની ભૌતિક સ્વરૂપની ઉપલબ્ધ માહિતી પૂરી પાડેલ છે. તે કાયદા સાથે સુસંગત જણાય છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૩–૧૧–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.પીએચડી/સો.વે.મે./૧૯૭૪ તા.૧૮–૧૧–૦૮ થી અરજદારને પૂરીપાડવામાં આવેલ છે. જેથી જાહેર માહિતી અધિકારી કક્ષાએ ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ અન્ય કોઈ માહિતી પૂરી પાડવાની રહેતી નથી. અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (સોલીડવેસ્ટ)....જાણ તથા અમલ માટે
(૨)ગુલામ મેમણ,ચોક